# શહેરમાં આખરે મેઘરાજા મહેરબાન

**૨૪ કલાકમાં ૪ ઇંચ વરસાદ : સરવરિયા વરસાવતા શ્રાવણમાં મેઘરાજા મનમુકીને વરસ્યા : સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા : ગાજવીજ અને વિજ કડાકા સાથે ધોધમાર વરસાદથી ખુશનુમા વાતાવરણ**





ગાંધીનગર તા ૧૭


ગાંધીનગરમાં આખરે આજે વહેલી સવારે મેઘરાજા મહેરબાન થતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪ ઈંચ વરસાદ વરસ્યો હતો. જયારે ધોધમાર વરસાદ વરસતા સેકટરોમાં વરસાદી પાણી ઘમરોળાયુ હતુ. સેકટરોમાં વરસાદી પાણીના ભરવા સાથે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી. ગાજવીજ સાથે વહેલી સવારે મેઘરાજા મુશળધાર વરસતા નગરજનોએ લવલી મોસમનો નઝારો માંણ્યો હતો. ગાજવીજ અને વિજકડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. અષાઢમાં ગાજયા મેઘ વરસ્યા વિના વિખેરાઈ ગયા બાદ શ્રાવણમાં મેઘરાજાએ હેત વરસાવતા નગરજનોમાં ખુશીની લહેર વ્યાપી હતી.અત્યાર સુધી નગરમાં સિઝનનો ૨૪૫ મી મી અલબત્ત ૧૦ ઈંચ વરસાદ નોંધાયો છે. વરસાદી વાયરા વચ્ચે દિવસ દરમિયાન નગરમાં ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થવા ઉપરાંત માર્ગો પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. વરસાદથી નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ.

ગાંધીનગરમાં ચોમાસાની શરૂઆતથી મેઘરાજા હાઉકલી કરીને અદ્રશ્ય થઈ જતા નગરજનો છેલ્લા ઘણાં સમયથી વરસાદની કાગડોળે વાટ નિહાળતા હતા. અત્યાર સુધી સિઝનનો માત્ર ૬ ઈંચ વરસાદ નોંધાયો હતો. જયારે વરસાદી વાદળો રોજબરોજ આકાશમાં ઘેરાવો નાંખીને વિખેરાઈ જતા વરસાદની આશ ઠગારી નિવડતી હતી. જયારે વરસાદની ગેરહાજરી વચ્ચે ગરમીનો પારો પણ ઉંચકાતા શહેરીજનો અષાઢી વાદળો વચ્ચે પણ ભાદરવાનો તાપ સહન કરતા હતા. આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળોના અંતે પણ ગાજ્યા મેઘ ન વરસતા નગરજનો ગરમીથી અકળાયેલા રહેતા વરસાદની પ્રબળ આશ વચ્ચે આકાશ તરફ મીટ માંડીને બેઠા હતા. જયારે શ્રાવણના પ્રારંભ બાદ પણ સરવરિયા ન વરસતા ખેડુતો સહીત આમ નાગરિકોમાં રીસાયેલા મેઘરાજા ચિંતાનો વિષય બન્યા હતા.શહેરમાં હજુ મોસમનો પર્યાપ્ત વરસાદ થયો નથી ત્યારે જિલ્લામાં ખેતીલાયક વરસાદની વાટ વચ્ચે ખેડુતોમાં પણ મેઘરાજાના મિજાજથી નારાજગી વ્યાપી હતી. લાંબા સમયથી વરસાદી વાદળોના ઘેરવાના અંતે પણ મેઘરાજા મનમુકીને વરસતા ન

● અનુસંધાન પાન-૭ પર



## વરસાદ દરમિયાન નગરમાં બે ઠેકાણે ભયજનક ગાબડા પડયા

શહેરમાં ભારે વરસાદ દરમિયાન આજે વૃક્ષો ધરાશાયી થવાના કીસ્સાઓ પ્રકશમાં આવ્યા છે. જયારે આ ઉપરાંત સેકટરોમાં કેટલાક ઠેકાણે માર્ગ વચાળે જ મોટામસ ગાબડા પણ અસ્તિત્વમાં આવ્યા છે. વરસાદી સંજોગોમાં સે-૨૨ માં તેમજ સે-૬ માં માર્ગમાં ગાબડુ પડયુ હતુ. સે-૨૨ માં પંચદેવ મંદિર તરફ જવાના માર્ગ પર થોડાસમય અગાઉ જ ગટરલાઈનનુ કામ પુર્ણ થયુ છે. ત્યારે માર્ગ વચાળે ખોદકામના અંતે માટીપુરાણ કરાયા બાદ આજે ભારે વરસાદ દરમિયાન આ ઠેકાણે માર્ગ વચાળે જ ગાબડુ અસ્તિત્વમાં આવ્યુ હતુ. જેના લીધે આજે આ માર્ગ પર જોખમી સ્થિતિનુ નિર્માણ થયુ હતુ. જોખમી ગાબડાને ત્વરિત પુરવા માટે પણ સ્થાનિકોએ માંગણી કરી છે. સે-૬ માં પણ ઈન્કવાયરી નજીક સેકટરના આંતરિક માર્ગેની કોરાણે માટી પોલાણ થવાના લીધે મોટો ખાડો અસ્તિત્વમાં આવ્યો છે. જેના લીધે ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી દહેશત છે.

**શહેરમાં બે ઠેકાણે વૃક્ષો ધરાશાયી**

## સર્વિસ રોડ પર જતી બલેનો પર ઝાડ પડયુ



શહેરમાં આજે વરસાદ દરમિયાન માર્ગો પર ગાબડા પડતા માર્ગ સલામતી જોખમાઈ હતી. જયારે અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થતા રાહદારીઓના માથે પણ મોતનો ખતરો જળુંબયો હતો. જેમાં બે ઠેકાણે વૃક્ષો પડતા કાર દબાઈ ગઈ હતી. અખબાર ભવન પાસે પણ અચાનક જ એક વૃક્ષ ધરાશાયી થતા એક કાર દબાઈ ગઈ હતી જયારે નગરના ઈન્ફોસીટી તરફ જવાના સર્વિસ માર્ગ પર જતી બલેનો કાર નં - જી જે ૧૮ બી જી ૩૫૩૬ પર અચાનક જ વૃક્ષ ધરાશાયી થયુ હતુ. જેના લીધે કારને નુકશાન થયુ હતુ. પરંતુ સે-૩ ન્યુમાં રહેતા કારચાલક ઝોયલ ફ્રાન્સીસ મેકવાનનો આબાદ બચાવ થયો હતો. થોડા દિવસો અગાઉ પણ શહેરમાં વૃક્ષ જમીનદોસ્ત થતા એક યુવાનને ગંભીર ઈજા થવા પામી હતી. વરસાદી દિવસોમાં ભયજનક વૃક્ષો માટી પોલાણના લીધે ત્વરિત ધરાશાયી થતા હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવે છે. ત્યારે હજુ જોખમી વૃક્ષો દુર કરવા માટે વનતંત્રએ અભિયાન હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે.

## સમિતિઓના સભ્યપદેથી રાજીનામાના પગલે જિલ્લાનું રાજકારણ ડહોળાયું

**સમિતિઓની રચનાના મુદ્દે અને તંત્રને પાટે ચડાવવા પ્રદેશ નેતાગીરીની દરમ્યાનગીરીની માંગ ઉઠી**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની સમિતિઓની રચનાને મુદ્દે ઉભા થયેલા વિવાદને મામલે હવે પ્રદેશ સમિતિ દરમ્યાનગીરી કરે તેવી શક્યતાઓના સંકેતો મળી રહ્યા છે.

પૂર્વ પ્રમુખ રામાજી ઠાકોર ગૃપના તમામ સભ્યોએ સમિતિના સભ્યપદેથી રાજીનામા ધરી દેતાં પંચાયતનું રાજકરણ ગરમાયુ છે. જિલ્લા પંચાયતને અસ્થિર કરવાનું કામ આ રાજીનામાના પગલે ખેલાઈ રહ્યાની વાતો પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયતમાં જૂથબંધી ચરમસીમાએ પહોંચી છે અને પંચાયતના વહીવટને પાટે ચડાવવા માટે હવે પ્રદેશ સમિતિ દરમ્યાનગીરી કરે તેવી માંગ કોંગ્રેસમાં ઉઠવા પામી છે.

આમ તો સમિતિઓની પ્રથમ બેઠક આ માસના અંતે બોલાવવામાં આવશે કારણ કે ૨૨ ઓગષ્ટના રોજ સમિતિઓની મુદતો પૂર્ણ થઈ રહી છે. સમિતિઓના સભ્યપદેથી પાંચ સભ્યોના રાજીનામાને પગલે મહિલા-બાળ વિકાસ સમિતિની રચના અટકી જશે તેવુ ચિત્ર ઉપસ્યુ છે.

આગામી દિવસો પણ સમિતિઓના સભ્યોના રાજીનામા પડે તેવી સંભાવનાઓ વધી જવા પામી છે અને તેથી જ પ્રદેશ સમિતિ તાકીદે દરમ્યાનગીરી કરે તેવી માંગ ઉઠવા પામી છે.

જિલ્લા પંચાયતમાં સમિતિઓની રચનાને મુદ્દે પૂર્વ પ્રમુખ રામાજી ઠાકોર જૂથને વિશ્વાસમાં નહિ લેવાયાની વાતો થઈ રહી છે. જો કે સમિતિની રનચા માટે સામાન્ય સભાની પૂર્વ રાત્રિએ બોલાવેલી બેઠકમાં માત્ર ૧૬ જ સભ્યોએ હાજરી આપી હતી તેવી વાતો પણ બહાર આવવા પામી છે. આ પછી આ બેઠક બાદ પણ સભ્યો અને સ્થાનિક નેતાઓ વચ્ચે ચકમક સમિતિઓની રચનાને મુદ્દે થઈ હોવાની વાતો પણ રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

સમિતિઓની રચનામાં દરેક તાલુકાને યોગ્ય પ્રતિનિધિત્વ સમાન રીતે આપવામાં આવ્યુ હોવાની વાતો વચ્ચે જે રીતે રાજીનામાનો સિલસિલો ચાલ્યો છે તેને લઈ હવે પ્રદેશ સમિતિ પણ ચિંતીંત બની હોવાની વાતો ચર્ચાઈ રહી છે.

સમિતિઓની રચના પછી તુરત જ જે રીતે રાજીનામા આપવાની ઘટના બની ત્યારે નિરીક્ષક નિરંજન પટેલે સભ્યોની નારાજગી હોઈ શકે છે તેમ કહી સ્થિતિને હળવાશથી લીધી હતી અને બધુ થાળે પડી જશે સ્થાનિક નેતાગીરી પરિસ્થિતિ સંભાળવા સક્ષમ હોવાની વાતો કહી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાભરમાં મેઘરાજા મન મુકીને વરસ્યા

**કલોલમાં ૪ ઈંચ વરસાદ, દહેગામ-માણસામાં ૩-૩ ઈંચ વરસાદ તો ગાંધીનગર તાલુકામાં બે ઈંચ વરસાદ : ગ્રામીણ તળાવોમાં નવા પાણીની આવક : વાતાવરણમાં ઠંડક પ્રસરી**

ગાંધીનગર, તા. ૧૭

જિલ્લામાં જેની આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી તે મેઘરાજાની આજે જોરદાર ધમાકેદાર એન્ટ્રીથી સમગ્ર જિલ્લામાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે. જિલ્લામાં આજે સવારથી સાંજના પાંચ વાગ્યા સુધીમાં ૨ થી ૪ ઈંચ વરસાદ નોંધાયો છે.

મળતી સત્તાવાર વિગતો પ્રમાણે કલોલ તાલુકામાં ચાર ઈંચ કરતાં વધારે વરસાદ આજે નોંધાયો છે. આ તાલુકામાં આજે વહેલી સવારથી શરૂ થયેલો વરસાદ સાંજે પાંચ વાગ્યા સુધીમાં ૧૦૫ મિ.મિ. નોંધાયો છે.

આ પછી માણસા અને દહેગામ તાલુકામાં પણ ૭૪-૭૪ મિ.મિ. જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે ગાંધીનગર તાલુકામાં ૫૮ મિ.મિ. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં આજે નોંધાયેલા વરસાદને કારણે ખેતીને સારો ફાયદો થયો છે. ગ્રામીણ વિસ્તારોના તળાવોમાં નવા પાણીની આવક પણ થવા પામી છે.

જિલ્લામાં આજે વરસાદ જે રીતે નોંધાયો તેનાથી સમગ્ર જિલ્લામાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે. જિલ્લામાં ખેતી ઉપરાંત પેયજળ માટે સ્થાનિક સ્ત્રોતોમાં પણ નવી આવક થવા પામી છે. આ ઉપરાંત સમગ્ર જિલ્લામાં ઠંડકનો માહોલ જામ્યો છે. જિલ્લામાં સારો વરસાદ થતાં સમગ્ર જિલ્લામાં હવે પાંચ ઈંચ વરસાદ થઈ જવા પામ્યો છે.

કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા છે. ગ્રામ્ય તળાવોમાં પણ નવા પાણીની આવક થવા પામી છે. આગામી દિવસોમાં દિવેલા અને ગુવારની ખેતી વધશે તેમ જણાઈ રહ્યુ છે.

દરમ્યાન હવામાન વિભાગના સૂત્રોમાંથી જાણવા મળેલ છે કે આગામી ૪૮ કલાકમાં જિલ્લામાં હળવાથી ભારે વરસાદ થશે.

### ખેડૂતોએ કહ્યું - કાચુ સોનુ વરસ્યુ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં આજે નોંધાયેલ સાર્વત્રિક વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્રણ સપ્તાહથી પણ વધુ સમય સુધી રાહ જોવડાવ્યા બાદ આજે થયેલા વરસાદથી કૃષિ માટે કાચુ સોનુ વરસ્યુ છે તેમ ખેડૂતોનું કહેવું છે.

આજે થયેલા વરસાદથી કપાસ, મગફળી ઉપરાંત ફેર રોપણીના પાકોને સારો ફાયદો થયો છે. કૃષિમાં પિયતની જરૂરિયાત વધતી જતી હતી અને આજે આ વરસાદના આગમનથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ખરીફ ઋતુના વાવેતરને નવજીવન મળી ગયુ છે. ખેડૂતો દ્વારા આગામી દિવસોમાં દિવેલા અને ગુવાર તેમજ કઠોળ પાકો, શાકભાજીના પાકો ઉપરાંત પશુધન માટે ઘાસચારાનું વાવેતર વધશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લામાં વરસાદ ખેંચાતા ખરીફ સિઝનનું વાવેતર ધીમી ગતિએ હતુ અત્યાર સુધીમાં ૮૫,૧૬૫ હેક્ટરમાં વાવેતર સંપન્ન થયુ છે. જેમાં ઘાસચારાનું વાવેતર ૨૩,૨૦૩ હેક્ટરમાં, શાકભાજીના પાકોમાં નવ હજાર હેક્ટર, ગુવારનું વાવેતર ૫૬૦૦ હેક્ટરમાં, કપાસનું વાવેતર ૨૯,૯૮૪ હેક્ટરમાં, દિવેલાનું વાવેતર ૭૯૦૦ હેક્ટરમાં, મગફળીનું વાવેતર ૫૩૪૯ હેક્ટરમાં, મગ ૧૪૪૮ હેક્ટરમાં, મઠનું વાવેતર ૯૫ હેક્ટરમાં, અડદનું વાવેતર ૪૧૮ હેક્ટરમાં, તુવેરનું ૮૧ હેક્ટરમાં, બાજરીનું ૨૧૮૭ હેક્ટરમાં નોંધાયું છે. જિલ્લામાં આજે થયેલા સાર્વત્રિક વરસાદથી જમીનમાં ભેજનું પ્રમાણ વધતાં પાકના ઉગાવા પર તેની સારી અસરો જોવા મળશે તેમ મનાઈ રહ્યું છે.

## રાજ્યમાં હજુ અતિભારે વરસાદ પડશે : તંત્ર સાબદુ

**ગાંધીનગર, અમદાવાદમાં પણ ભારે વરસાદ થશે સાબરકાંઠા, બનાસકાંઠા, વડોદરા, નર્મદા, પંચમહાલમાં પણ ભારેથી અતિભારે વરસાદ થશે : સાવચેતીના પગલા**

અમદાવાદ, તા. ૧૭

દક્ષિણ પશ્ચિમ મધ્યપ્રદેશ ઉપર લો પ્રેશરની સ્થિતિ સર્જાયેલી છે અને હાલમાં ઉત્તર પશ્ચિમ મધ્યપ્રદેશ ઉપર તથા પૂર્વીય રાજસ્થાન ઉપર કેન્દ્રિત છે. આવી સ્થિતિમાં ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. આગામી દિવસોમાં ભારે વરસાદની ચેતવણીને લઈને તંત્ર સાબદુ બની ગયું છે.

ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, બનાસકાંઠા, આણંદ, વડોદરા, નર્મદા, દમણ દાદરાનગર હવેલી, પંચમહાલ, અરવલ્લી, મહિસાગર, સુરત, ભરુચમાં પણ ભારેથી અતિ ભારે વરસાદ થઈ શકે છે. આજે હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ જ મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક ભાગોમાં ભારે વરસાદ થયો હતો. આ વરસાદી માહોલ અકબંધ રહી શકે છે.

બંગાળની ખાડીમાં સર્જાયેલું લો પ્રેશર છત્તીસગઢ અને ઓરિસ્સા સુધી પહોંચીને ડિપ્રેશનમાં ફેરવાયું છે, જે ૨૪ કલાકમાં આગળ વધીને ગુજરાત સુધી પહોંચશે. આ અપર એર સરક્યુલેશન સીસ્ટમ સર્જાતા ચોમાસુ સીસ્ટમ સક્રિય થતાં અમદાવાદ શહેર સહિત ગુજરાતના ઘણાખરા ભાગોમાં હજુ બે થી ત્રણ દિવસ સુધી ભારેથી અતિ ભારે વરસાદની આગાહી હવામાન ખાતા દ્વારા વ્યકત કરવામાં આવી છે.

તા.૧૭મી ઓગસ્ટના રોજ વલસાડ, નવસારી, ડાંગ, તપા સહિતના પંથકોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી, જે મુજબ, એકંદરે વરસાદ નોંધાયો હતો. તો, તા.૧૮મી ઓગસ્ટે ડાંગ, તાપી, ભરૂચ, સુરત, વડોદરા, અમદાવાદ, ગીર-સોમનાથ, ઉત્તર ગુજરાતના ક્ષેત્રમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી વ્યકત કરવામાં આવી છે.

### બેસણું



અમારા મોટાભાઈ શ્રી મિહીર કિશોરચંદ્ર પંડ્યા (અ. અને ના. પૂરવઠા) તા. ૧૫/૮/૨૦૧૮ને બુધવારના રોજ સ્વર્ગવાસી થયા છે. સદ્ગતનું બેસણું તા. ૧૯/૮/૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન રાખવામાં આવેલ છે.

સ્થળ : શ્રી રામેશ્વર મંદિર, સેક્ટર-૩/ડી હોલ, ગાંધીનગર. (મો. ૯૯૦૯૦ ૦૬૫૫૨)

શોભનાબેન કિ. પંડ્યા — હિતેષ કિ. પંડ્યા
જન્મેય હિ. પંડ્યા — ક્રિષ્ણાબેન હિ.પંડ્યા


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com